BOROSIL®
Gujarat Borosil Limited
CIN : L26100GJ1988PLC011663
1101, Crescenzo, G-Block, Opp. MCA Club, Bandra Kurla Complex,
Bandra (E), Mumbai - 400 051, India.
T- +9122 6740 6300
W www.borosil.com

February 03, 2018

The DCS – CRD
BSE Limited
Corporate Relationship Department
1st Floor, New Trading Ring,
Rotunda Building, P. J. Towers, Dalal Street
Fort, Mumbai - 400 001

Dear Sir,

Sub: Copy of Advertisement Published in Newspaper(s) – Notice for Board Meeting

Scrip code: 523768

Pursuant to the provision of Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, enclosed copies of advertisement published in **BUSINESS STANDARD and DIVYA BHASKAR** newspaper(s) on 03/02/2018, for Notice of Board Meeting, scheduled to be held on Saturday, February 10, 2018 *inter-alia*, to approve the Unaudited Financial Results of the Company for the quarter and nine months ended 31st December, 2017.

Kindly take the same in your records.

Yours faithfully,
For **Gujarat Borosil Limited**

Kishor Talreja
Company Secretary
Encl: a.a.

Registered Office & Works :
Ankleshwar-Rajpipla Road,
Village Govali, Tal. Jhagadia,
Dist. Bharuch- 393001,
(Gujarat), India
T +91 2645-258100
F +91 2645-258235
E gborosil@borosil.com

TÜVRheinland CERTIFIED ISO 9001:2008 www.tuv.com ID 9105060720
TÜVRheinland CERTIFIED ISO 14001:2004 www.tuv.com ID 9105060720
TÜVRheinland CERTIFIED OHSAS 18001:2007 www.tuv.com ID 9105060720

MUMBAI | 3 FEBRUARY 2018 WEEKEND Business Standard

GUJARAT BOROSIL LIMITED

Regd. Office : Village – Govali, Taluka – Jhagadia
District – Bharuch -393 001. Gujarat
Email: gborosil@borosil.com **Website**: www.gujaratborosil.com
Ph: 02645-258100 **Fax**: 02645-258235 **CIN**: L26100GJ1988PLC011663

NOTICE

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 and other relevant regulations of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a Meeting of the Board of Directors of Gujarat Borosil Limited will be held on **Saturday, 10th February, 2018,** *inter-alia,* to consider and approve the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2017.

This intimation is also available on the website of the Company **www.gujaratborosil.com** and on the website of BSE Limited **www.bseindia.com**

For Gujarat Borosil Limited

Place : Mumbai
Date : 02.02.2018

Kishor Talreja
Company Secretary

Shareholders are requested to fill up **EMAIL REGISTRATION FORM** (Form available on the Company's website **www.gujaratborosil.com**) to register their e-mail address with the Company to receive communications electronically.

નર્મદા જિલ્લામાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત

એક જ દિવસમાં 2,673 જેટલી સુધારણા અરજીઓ તંત્રને મળી

12મી તારીખ સુધી જિલ્લાના મતદારો નામ નોંધાવી શકશે

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત તંત્રને એક જ દીવસમાં 2,673 અરજીઓ પ્રાપ્ત થઈ છે. 12મી સુધી મતદારો તેમની વિગતોમાં સુધારો કરાવી શકશે તથા નવા મતદારો તેમના નામ મતદારયાદીમાં નોંધાવી શકશે.

નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાની રાહબરી હેઠળ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ 12 સુધી સતત ચાલુ રહેશે. જિલ્લાના તમામ તાલુકા મામલતદાર કચેરીઓમાં આ કામગીરી હાલમાં ચાલી રહી છે. નાંદોદ અને દેડીયાપાડા વિધાનસભા તથા રાજપીપલા નગરપાલિકા વિસ્તાર ઉપરાંત તમામ પાંચેય તાલુકાઓમાં આ કાર્યવાહી ચાલી રહી છે.

રાજપીપળામાં મતદાર યાદી સુધારણા અંતર્ગત બેઠક મળી હતી. -પ્રવિણપટવારી

ખાસ ઝુંબેશમાં ફોર્મ નં-6 હેઠળ - 1610, ફોર્મ નં- 7 હેઠળ- 433, ફોર્મ નં- 8 હેઠળ 583 અને ફોર્મ નં- 8 (ક) હેઠળ 47 મળી કુલ- 2,673 અરજીઓ જુદી જુદી કામગીરી માટે રજુ થઇ હતી. જિલ્લામાં ફોર્મ નં- 6 હેઠળ 1799, ફોર્મ નં - 7 હેઠળ 478, ફોર્મ નં- 8 હેઠળ - 704 અને ફોર્મ નં- 8 (ક) હેઠળ 47 મળી કુલ- 4691 જેટલી અરજીઓ વિવિધ કામગીરી માટે પ્રાપ્ત થઇ છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ 12મી સુધી ચાલશે.

મહિલાના ગળામાંથી અછોડો તોડી બે બાઈકસવાર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં ગ્રીજીનગર શોપિંગ સેન્ટર પાસે મહિલાના ગળામાંથી 2 તોલાની ચેઈન તોડી મોટર સાઇકલ પર આવેલ 2 ઈસમો ફરાર થઇ ગયા હતા. શહેર પોલીસે 11,470 રૂપિયા ચેઈન સ્નેચિંગનું ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

ગડખોલ પાટીયાપાસે એકતા નગરમાં રહેતા 57 વર્ષીય કાંતાબેન પરમાર દહીં લઇ પરત ફરતા હતા ત્યારે પાછળ બાઈક પર આવેલ 2 ઈસમો ગળામાં રહેલ 2 તોલાની સોનાની ચેઈન સાથે પેન્ડલ તોડી ભાગી ગયાં હતા. કાંતાબેને બુમરાણ મચાવતાં લોકો દોડી આવ્યાં હતાં. બનાવ સંદર્ભે શહેર પોલીસે 11,470 સોનાની ચેઈન સ્નેચિંગનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. લુંટારુઓને ઝડપી પાડવા માટે ઠેર ઠેર નાકાબંધી કરવામાં આવી છે.

અંકલેશ્વરમાં અમદાવાદના વેપારી કાર પાર્ક કરી દુકાનમાં ગયાં હતાં

માત્ર 30 મિનિટમાં 1.47 લાખ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી

ગઠીયાઓ કારની પાછળનો કાચ તોડી બેગ લઈ નાસી છુટયાં

GIDC વિસ્તારમાં આવેલાં ગણેશપાર્કમાં બનેલો બનાવ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ગણેશપાર્ક પાસે પાર્ક કરેલી અમદાવાદના વેપારીની કારનો કાચ તોડી ગઠીયાઓ 1.47 લાખ રૂપિયાની રોકડ રકમ ભરેલી બેગની ઉઠાંતરી કરી ફરાર થઇ ગયાં હતાં. માત્ર 30 મિનિટમાં ગઠીયાઓ ખેલ પાડી ગયાં હતાં. વેપારી વિવિધ શહેરોમાંથી નાણાની ઉઘરાણી કરી પુના જઇ રહયાં હતાં દરમિયાન અંકલેશ્વરમાં સંબંધીને મળવા માટે આવ્યાં હતાં.

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલી મોનાર્ક સીટી સોસાયટીમાં રહેતાં કેયુર પટેલ કાર લઈને અંકલેશ્વર જીઆઈડીસી ખાતે આવ્યા હતાં. તેઓ ગણેશ પ્લાઝા પાસે કાર પાર્ક કરી તેઓ ગણેશ પેઈન્ટ્સની દુકાનમાં સંબંધીને મળવા ગયા હતાં તે દરમ્યાન ગઠીયાઓ તેમની કારના પાછળના ભાગ નો કાચ તોડી રૂપિયા 1 લાખ 47 હજાર કપડાં સાથે ભરેલ બેગની ચોરી કરી ફરાર થઇ ગયા હતાં. કેયુર પટેલ દુકાનમાંથી પરત કાર પાસે આવતા પાછળનો કાચ તુટેલો હતો અને બેગની ચોરી થઇ હોવાનું જણાતા જીઆઈડીસી પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ દોડી આવી હતી. પોલીસે કેયુર પટેલની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના વેપારીએ પાર્ક કરેલી કારમાંથી 1.47 લાખ ભરેલી બેગની ઉઠાંતરી થઇ છે. તસવીર-હર્ષદ મિસ્ત્રી

રાજપારડીમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો

વાહનચાલકોને ગુલાબના ફૂલ આપી નિયમોનું પાલન કરવા અપીલ કરાઈ

પોલીસ તથા ટ્રાફિક બ્રિગેડના જવાનોએ લોકોને સમજણ આપી

રાજપારડીમાં વાહનચાલકોને ગુલાબના ફૂલ આપી ટ્રાફિકના નિયમોના પાલન માટે જાગૃત કરાયાં હતાં. તસવીર-ફારૂક ખત્રી

અંકલેશ્વર શહેર પોલીસે ટ્રાફિક સપ્તાહની ઉજવણી ભાગ રૂપે રેલી યોજી હતી. ત્રણ રસ્તા સર્કલ, ચૌટા નાકા પાસે વાહન ચાલકોને ગુલાબ આપી ટ્રાફિકના નિયમનું પાલન કરવા અપીલ કરી હતી.

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ભરૂચ જીલ્લામાં સોમવારના રોજથી માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ થયો છે ત્યારે ઝગડિઆ તાલુકાના રાજપારડી નગરના ચાર રસ્તા ખાતે પોલીસે ધોરીમાર્ગ પર વાહન ચાલકોને ગુલાબના ફુલો આપીને ટ્રાફિકના નિયમો અંગે જાગૃત કર્યા હતાં.

પી.એસ.આઇ.સરવૈયા સાથે પોલીસ જવાનો તેમજ ટ્રાફિક બ્રિગેડના જવાનોએ વાહન ચાલકોને સમજણ આપીને જાગૃત બનવા અનુરોધ કર્યો હતો. ફોરવ્હિલ વાહન હંકારતી વખતે સીટ બેલ્ટ અવશ્ય બાંધવો,લાયસન્સ સાથે રાખવુ,બાઇક હંકારતી વખતે હેલ્મેટ પેહરવુ,વાહન હંકારતી વખતે મોબાઇલ ફોન ઉપર વાત નહિ કરવી,ડ્રાઇવરોએ નિયમિત આંખોની તપાસ કરાવવી, શહેરી વિસ્તારોમાં વાહનો બેફામ હંકારવા નહિ,નશો કરીને વાહનો હંકારવા નહિ તેવી સલાહ આપી હતી.

ઓવરટેક કરતી વખતે સાવચેતી રાખવવળાંક લેતી વખતે સાઇડ સીગ્નલનો ઉપયોગ કરવો,રાત્રિના સમયે વાહન હંકારતી વખતે ડીમ લાઇટનો ઉપયોગ કરવો જરૂરિયાતના સમયે ફુલ લાઇટનો ઉપયોગ કરવો તેવી જાણકારી આપવામાં આવી હતી. કેટલાક વાહન ચાલકોમાં ટ્રાફિકના નિયમોની જાણકારીનો અભાવ હોવાને કારણે અકસ્માતો થાય છે.અકસ્માતોના આંકમાં ઘટાડો કરવા વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે જરૂરી છે.

ઘોઘંબામાં શૌચાલય બંધ હોઈ લોકોને હાલાકી

ઘોઘંબા|ઘોઘંબામાં બસસ્ટેન્ડ ઉપર ગંદકીથી લોકો પરેશાન થઈ ગયા છે ઘોઘંબામા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડીન્ગાફુકાઈ રહ્યા છે ત્યારે ઘોઘંબા ના બજાર મા આવેલ એક માત્ર બસસ્ટેન્ડ ઉપર શૌચાલય બીલકુલ બંધ જ હાલતમા અને ગંદકીથી ઉભરાઈ રહેલુ છે.એક તરફ નવા બસસ્ટેન્ડ માટે જગ્યા ફાળવવામા આવેલ છે છતા પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના પગલે બસ સ્ટેન્ડ પર આવતા મુસાફરોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે

વેસ્ટમાં રાસાયણિક પ્રક્રિયા થતાં આગ લાગી હોવાનું અનુમાન

પાનોલી જીઆઈડીસીમાં કેમિકલ વેસ્ટ ભરેલી ટ્રકમાં આગ લાગતા દોડધામ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી જીઆઈડીસીમાં RSPL કંપની બહાર કેમિકલ વેસ્ટ ઠાલવા આવેલ ટ્રકમાં મોડી રાત્રીના આગથી દોડધામ મચી હતી. કેમિકલ વેસ્ટને રીસાઇકલ કરવા માટે ટ્રકમાં કંપની ખાતે લાવામાં આવ્યો હતો ત્યારે રાસાયણિક પ્રકિયા થવાનાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવામાં આવી રહ્યું છે.

પાનોલી ખાતેની રિસાયકલિંગ સોલ્યુશનમાં આવેલી કેમિકલ વેસ્ટ ભરેલી ટ્રકમાં અચાનક આગ લાગી હતી. કંપનીમાં કેમિકલ વેસ્ટનો જથ્થો ભરીને એક ટ્રક આવી હતી. ગુરુવારની મોડી રાત્રે ટ્રક કંપની બહાર ઉભી હતી ત્યારે તેમાં અચાનક આગ લાગી હતી. ટ્રકમાં કેમિકલ વેસ્ટ સળગવા લાગતા લોકોએ દોડી આવીને પાણીનો છંટકાવ શરુ કર્યો હતો.પાનોલી ફાયર સ્ટેશનની ટીમે ઘટના સ્થળે દોડી આવીને આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઇ ન હતી.



પાનોલીમાં કેમિકલ વેસ્ટ ખાલી કરવા આવેલી ટ્રકમાં આગ લાગતા દોડધામ મચી હતી.

ઝઘડીયા ડેપોમાં ફરજ બજાવી ઘરે પરત ફરતી વેળા ઘટના બની

ખોજલવાસામાં બસમાંથી ઉતરેલા કંડકટરને ટ્રક ચાલકે કચડી નાંખ્યો

જુનાઘાટાં ગામે જવા ડાયવર્ઝન ક્રોસ કરી રહ્યો હતો

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

નાંદોદના ખોજલવાસા ગામે પૂર આવતી ટ્રકે ઝગડીયા એસટી ડેપોમાં ફરજ બજાવતાં કંડક્ટરને કચડી નાખ્યો હોવાની ઘટના સામે આવી છે. જૂનાઘાટાં ગામે આવવા ડાયવર્ઝન ક્રોસ કરતો હતો ત્યારે હાઇવાના ચાલકે ટક્કર મારી હતી.

નર્મદા જિલ્લાના જૂનાઘાટા ગામે રહેતા રતન આનજી વસાવા ઝગડીયા એસ.ટી.ડેપો માં ફરજ બજાવે છે. શુક્રવારે તેઓ ફરજ બજાવી પરત ફરી રહયાં હતાં. જુનાઘાટા જવા માટે ખોજલવાસા ચોકડી પાસે બસમાંથી ઉતરી ડાયવર્ઝન ક્રોસ કરતા પૂર ઝડપે આવતો હાઇવા ટ્રકના ચાલકે તેમને ટકકર મારી ફંગોળી દીધાં હતાં. તેઓ ઉછળીને હાઇવાની આગળ પડતા ટ્રકના તોતિંગ પૈડાં શરીર પર ફરી વળતા રતન વસાવાનાનું ઘટના સ્થળેજ મોત નીપજ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તાડફળિયા અને જુના બોરભાઠા રોડ પર પોલીસની કાર્યવાહી

અંકલેશ્વરમાં બે સ્થળેથી 1.25 લાખના દારૂ સાથે બે ઝડપાયાં

બે આરોપીઓ ફરાર થઇ જતાં વોન્ટેડ જાહેર કરાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે 2 અલગ અલગ જગ્યાએ થી સવા લાખ ઉપરાંત દારૂ ઝડપી પાડ્યો હતો. તાડફળીયા તથા જુના બોરભાઠા રોડ પર પોલીસે બુટલેગરો સામે કાર્યવાહી કરી હતી. 2 આરોપી ઝડપાયા 2 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતાં.

તાડ ફળીયા ખાતે દરોડો પાડી દારૂનો વેપલો ચલાવતાં મહેન્દ્ર જયંતિ પરમારને ઝડપી પાડ્યો હતો. તેની પાસે 42 નંગ બોટલ દારૂ મળી કુલ 18 હજાર ઉપરાંત મુદામાલ ઝડપી પાડ્યો હતો. અન્ય એક દરોડામાં બોરભાઠા રોડ પર ઈકો ગાડીમાંથી 936 બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ સાથે આદિલ મીનુ અંકલેશ્વરીયાની પોલીસે ધરપકડ કરી હતી.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પાંજરાપોરના લાલાભાઈ સોમાભાઈ વસાવા અને અન્ય એક એક ઈસમ ચિરાગ પ્રજાપતિનું નામ ખુલતા બંનેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ આરંભી હતી.

અંકલેશ્વરમાં બે સ્થળોએ દરોડા પાડી પોલીસે 1.25 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. -હર્ષદ મિસ્ત્રી

દહેજ માટે ત્રાસ ગુજારતાં સાસરિયાઓ વિરૂદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દહેજ બાયપાસ ખાતે આવેલાં મનોરથમ બંગ્લોઝ ખાતે રહેતાં આશિષ અશોક ધીવાલાના લગ્ન મુકેશ સુંદરલાલ મોદીની પુત્રી હિરલ સાથે થયાં હતાં. લગ્ન બાદ સાસરીવાળાઓને દહેજમાં આવેલું સોનું ઓછુ પડતું હોઇ સાસુ-સસરા અવાર નવાર તેને માનસિક ત્રાસ આપતાં હતાં. તેનો પતિ આશિષ પુના ખાતે વિપ્રો કંપનીમાં નોકરી કરતો હોઇ તે ત્યાં રહેતો હતો. જ્યારે હિરલ સાસુ-સસરા સાથે રહેતી હતી.

બાદમાં તે તેના પતિની સાથે રહેવા જતાં ત્યાં તેનો પતિ પણ તેને ત્રાસ ગુજારતો હતો. પુનામાં પહેલાં તેઓ ભાડાના મકાનમાં રહેતાં હતાં. બાદમાં તેના પતિએ પોતાની માલીકીનો ફ્લેટ ખરીદતાં પિયરમાંથી રૂપિયા લાવવા મારઝૂડ કરતો હતો. તેના સાસુ-સસરાએ તેને માર મારતાં તેણે 181ને જાણ કરતાં ટીમે દોડી આવી તેની સારવાર કરાવી હતી. બનાવ સંદર્ભે તેમણે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો છે.

ભરૂચના રહેવાસી લુવારા જતાં હતાં ત્યારે હાઇવે પર યમરાજનો ભેટો

વગુસણા પાસે અજાણ્યા વાહનની ટક્કરે સાયકલ સવારનું મોત

નબીપુર પોલીસે વાહનચાલકની શોધખોળ આરંભી

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

ગતરાત્રીના ૮ વાગ્યાની આસપાસ ભરૂચના રહેવાસી નગીનભાઇ નરોત્તમભાઇ માછી ઉ.વ. ૪૮ સાયકલ લઇને કોઇક કામ અર્થે ભરૂચ થી લુવારા ગામે જઇ રહ્યા હતા.તે વેળા વગુસણા ગામ પાસે આવેલી હોટલ સર્વોત્તમ નજીક કોઇ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે, ગફલતભરી રીતે હંકારી સાયકલ સવાર નગીનભાઇને અડફેટે લેતા તેઓને શરીરે થયેલી ગંભીર ઈજાઓના કારણે નગીનભાઈનુંમોત નિપજવા પામ્યું હતું. અકસ્માત સંદર્ભે દિલીપભાઇ માછી રહે. નારાયણકુંજ, ભોલાવ ભરૂચ મૂળ રહે. ભીમપુરા તા. ડભોઈનાઓએ નબીપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી ફરાર વાહન ચાલકને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બોડેલી કેનાલમાં પડેલી યુવતીને બચાવી લેવાઈ

બોડેલી| છોટાઉદેપુર તાલુકાના મંડલવાના પોપટભાઈ રાઠવાની પુત્રી વર્ષાબેન અગમ્ય કારણોસર બોડેલી નર્મદા કેનાલ બ્રિજ પાસે પહોંચીને મોડી સાંજે કેનાલના પાણીમાં કુદકો માર્યો હતો. સદનસીબે તે સમયે ત્યાંથી પસાર થતા રાહદારીઓએ આ દ્રશ્ય જોઈ લેતા તુરંત ત્યાં તાબડતોબ નીચે પહોંચીને પાણીમાં તરફડીયા મારી રહેલી યુવતીને બહાર કાઢીને બચાવી લેવાઈ હતી. 108 બોલાવીને તેને બોડેલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઇ જવાઈ હતી.

નામ બદલેલ છે.

મારૂ જુનું નામ શાહનવાજ શબ્બીરબેગ મીરઝા હતું જે બદલીને નવું નામ શાહનવાઝ શબ્બીરબેગ મીરઝા રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ઈ-૨૪૭૪, કાનુગાવાડ, તા.જી. ભરૂચ (ગુજરાત)

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. જયંતિભાઈ મણીલાલ રાણા

સિ.

ગં.સ્વ. વિરબાળાબેન જયંતિભાઈ રાણા

ભિનાક્ષીબેન જીતેન્દ્રભાઈ રાણા | જીતેન્દ્રભાઈ જયંતિભાઈ રાણા
વૈશાલીબેન પ્રતોષભાઈ રાણા | પ્રતોષભાઈ જયંતિભાઈ રાણા
પ્રીતીબેન દિક્ષીતભાઈ રાણા | દિક્ષીતભાઈ જયંતિભાઈ રાણા
સોનલબેન ધર્મેશકુમાર નેસ્તી | ધર્મેશભાઈ કનૈયાલાલ નેસ્તી

ચિ. જાન્વી, શ્લોક, પુરવ, જય, વૃષિ, ઓમ, ધાર્મી તથા સમસ્ત પરિવાર...

ભાસ્કર classified

સર્વિસીસ

આયુર્વેદિક

શારીરિક જાતિય સમસ્યાઓ નપુંસકતા સફળ આયુર્વેદિક સારવાર દર શનિવારે હોટલ શ્રી પ્લાઝા, ગોલ્ડન બ્રીજ પાસે, રેલ્વે સ્ટેશન ની પાછળ ભરૂચ.9558560650

એનાઉન્સમેન્ટ

announcement

નામ પરીવર્તન

મારૂ જુનું નામ પટેલ સમીર રફીકભાઈ અલીભાઈ હતું જે બદલીને નવું નામ પટેલ સમીર રફીકભાઈ અલીભાઈ કર્યું છે. સરનામું: બી-5 ઓહદ પ્લાઝા, રોશન પાર્ક, જંબુસર રોડ, ભરૂચ. 392001

GUJARAT BOROSIL LIMITED

Regd. Office : Village – Govali, Taluka – Jhagadia District – Bharuch -393 001, Gujarat

Email: gborosil@borosil.com Website: www.gujaratborosil.com

Ph: 02645-258100 Fax: 02645-258235 CIN: L26100GJ1988PLC011663

NOTICE

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 and other relevant regulations of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a Meeting of the Board of Directors of Gujarat Borosil Limited will be held on **Saturday, 10th February, 2018,** *inter-alia*, to consider and approve the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2017.

This intimation is also available on the website of the Company **www.gujaratborosil.com** and on the website of BSE Limited **www.bseindia.com**

For Gujarat Borosil Limited

Place : Mumbai
Date : 02.02.2018

Kishor Talreja
Company Secretary

Shareholders are requested to fill up **EMAIL REGISTRATION FORM** (Form available on the Company's website **www.gujaratborosil.com**) to register their e-mail address with the Company to receive communications electronically.

ધર્મ-સમાજ-સંસ્થાઓ

શુકલતીર્થમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

...ત્ર વિભાગના ભરૂચ પ્રકલ્પ દ્વારા શુકલતીર્થ ગામ ખાતે ... ફોક ડાન્સ એન્ડ કલચરલ સ્પર્ધા યોજવામાં આવી હતી. ... ક્રમે મહાદેવ ગ્રુપ, બીજા ક્રમે ડેઝીસ પ્રિન્સેસગ્રુપ, અને ... ભોલે બોઈઝ ગ્રુપ વિજેતા બન્યા હતાં.

કડકીયા કોલેજના વિદ્યાર્થીએ રાજયકક્ષાની પરેડમાં ભાગ લીધો

કુસુમબેન કડકીયા આર્ટ્સ-કોમર્સ અંકલેશ્વરના વિદ્યાર્થી અને એન.એસ.એસ. કેડેટ હિતેશ પઢીયારની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરત ખાતે યોજાયેલ પરેડ પસંદગીથઇ હતી. તેણે 26 મી જાન્યુઆરીની રાજ્યકક્ષાની પરેડમાં મહેસાણા ખાતે ભાગ લીધો હતો.

બાકરોલ પ્રાથમિક શાળા ખાતે ગાંધી નિર્વાણ દિન મનાવાયો

બાકરોલ પ્રાથમિક શાળા ખાતે ગાંધી નિર્વાણ દિન મનાવવામાં આવ્યો હતો. ગાંધી વિચાર અને શહીદોની યાદમાં 2 મિનિટ મૌન પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધી વંદના કરવામાં આવી હતી. તેમજ વૈષ્ણવજન ભજનો સમૂહ માં પઠન કરવામાં આવ્યું હતું.